# પાણી બચાવો

અરે થોભો,

જરા સાંભળો,

આ શું કરો છો ?

અરે મારી વાત કેમ કોઈ સાંભળતું નથી ?

હવે હું શું કરું ?

કોને કહું મારી પીડા ?

આ લોકો ગાંડા થયા છે, કોઈ સમજતા જ નથી. પોતાનાં સ્વાર્થ માટે મને પીડી રહ્યા છે .

મારા જળ ને ગંદુ કરી રહ્યા છે.

મને માતા કહે છે અને મારા જલ માં ગટરો ની ગંદકી ઠાલવે છે.

મારા જળ માં ફેક્ટરીઓનું ઝેરી રસાયણ છોડી મને પ્રદુષિત કરી રહ્યા છે.

કહે છે માત અને મારે છે લાત.

મારા જળના આધારે રહેલા મારા જળના જીવો તરફડી ને મરી જાય છે.

મારો સદુપયોગ કરવાના બદલે મને નાથવાના પ્રયત્ન કરે છે.

પણ એ સમજતા નથી કે આમ કરીને એ લોકો પોતાનાં જ પગ ઉપર કુહાડી મારી રહ્યા છે. યાત્રાળુઓ આવીને મને વંદન તો કરે છે પણ કચરો પણ મારામાં નાખે છે.

શું કોઈ બાળક પોતાની માં સાથે આવું કરે ? અને કરે તો માં સહન કરે ?

પાણી અને વાણીનો દુરુપયોગ ના કરો એમ બધા કહે છે. પણ અમલ કરે છે ?

આ દુષ્ટતાના કારણે મારા જળ સુકાવા માંડ્યા છે. મારું જળ મલીન બની ગયું છે પીવા લાયક તો રહ્યું જ નથી.

મારું જળ જે અમૃત સમાન ગણાતું એ આજે પશુ ઓ ને કામ નું નથી .

મને પણ ગુસ્સો આવે છે અને એટલે જ હું મારું રુદ્ર સ્વરૂપ બતાવી ચેતવું છું .

મારા તટ પર ઉભેલા આ વૃક્ષો પણ ડરે છે આ માનવી થી ,થર થર કંપે છે કે જાણે હમણા જ કોઈ આવી ને મને કાપી નાખશે .

એપોકારી ને કહે છે હું તમારો મિત્ર છું , મને કાપો નહી પણ બધા જાણે નદી, ધરતી, વૃક્ષો ના દુશ્મન બની ગયા છે .

કોઈ સમજતું જ નથી ને હું બુમો પાડી ને પોકારું છું મને બચાવો,કોઈ મારી મદદ કરો .તમે મને બચાવો હું તમને બચાવીશ .

હવે મારી સહન શક્તિ પુરી થઇ ગઈ છે .

પછી કેતા નહી કે અમને ખબર નોતી .

જો નહી સમજો , નહી સુધરો તો પરિણામ માટે તૈયાર રેજો .

અમે તમારી જિંદગી નું અવિભાજ્ય અંગ છીએ.

અમારી કાળજી લેવી તમારી ફરજ છે . નવી પેઢી ને ખુશહાલ જીવન અને પ્રકૃતિ ની સુંદરતા મળે એવું જો ઇચ્છતા હોય તો આજ થી જ અમાનવીય કૃત્યો છોડી દો .

વધુ વૃક્ષો વાવો અને પાણી નો સંગ્રહ કરો.

પ્રકૃતિ એનું રુદ્ર સ્વરૂપ બતાવે એ પહેલાજ તમે એનું જતન કરો .

જળ ને મલીન કરવાનું છોડો .બિચારા મૂંગા જીવો ના નિસાસા શાને લોછો ?

એમને પણ આ ધરતી પર જીવવા નો હક છે .પાંદડા અને પાણી જેનો ખોરાક છે એ કેમ બગાડો છો?

હજુ સમય છે સમજી જાવ . નહી તો આવતી પેઢી આ દુશકૃત્ય માટે તમને ગુનેગાર માનશે અને તમારી પાસે એનો જવાબ નહી હોય .

કદાચ એવું પણ બને કે પ્રદુષિત પર્યાવરણ ને કારણે દરેક ઘર માં રોગીષ્ટ અથવા ખોડવાળું બાળક જન્મે .

મારું કામ હતું તમને સમજાવાનું .હવે તમારે વિચારવાનું.

પ્રકૃતિ માં નું સ્વરૂપ છે . માં ના પ્રેમ નો આનંદ લેવાય ,માં ને બરબાદ ના કરાય .

હે !રામ કૃષ્ણ તમારી ગંગા જમુના મેલી થઈ ગઈ ,આ માનવી ની કુબુદ્ધિ ને લીધે .

હવે તમે જ એને સદબુદ્ધિ આપજો